જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૩/૨૦૨૦ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૫૭૫/૨૦૨૦

## SHE ટીમની કામગીરી

### નરોડા પોલીસ સ્ટેશન

નરોડા પોલીસ સ્ટેશન ખાતે અધિક પોલીસ કમિશનરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી “જી” ડીવીઝન નાઓની આગેવાની હેઠળ “સી” ટીમ દ્વારા નરોડા વિસ્તારમાં આવેલ એકલા રહેતા સીનીયર સીટીઝન નાઓને મળી કોરોના વાયરસ બાબતે જનતા કર્ફ્યુ હોવાથી તેઓને મળી તેમના પ્રશ્ન હોય તો પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા થતા સાવચેતી રાખવા અંગે સમજ કરેલ થતા પોલીસ સ્ટેશન વિસ્તારમાં મહીલા સુરક્ષા અભિયાન અંગેના પોષ્ટરો લગાવ્યા હતા.



## ઈસનપુર પોલીસ સ્ટેશન

ઈસનપુર પોલીસ સ્ટેશન "સી" ટીમ દ્વારા ઈસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા સીનીયર સીટીઝન નાઓને મળી કોરોના વાયરસ બાબતે જનતા કર્ફ્યુ હોવાથી તેઓને મળી તેમના પ્રશ્ન હોય તો પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા થતા સાવચેતી રાખવા અંગે સમજ કરી માસ્ક્નુ વિતરણ કરવામાં આવ્યુ હતુ.





**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૭૬/૨૦૨૦</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૧૩૬ લીટર દેશી દારૂ, ૨૦ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૨ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૦૩,૪૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૭૭/૨૦૨૦</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૫ વ્યક્તિઓની તથા પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૭૮/૨૦૨૦</u>**

**કૃષ્ણનગરઃ** પંકજભાઇ લાભશંકરભાઇ કેલૈયા (ઉ.વ.૫૮) (રહે. શક્તિનગર બાપાબજરંદાસ આશ્રમ પાસે ઠક્કરનગર) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૩/૨૦૨૦ સાજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૨/૦૩/૨૦૨૦ કલાક ૫/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભગવાનભાઇ લક્ષ્મણભાઇ ચલાવે છે.

**કાગડાપીઠઃ** પિતાંબરભાઈ નાગરભાઈ રાઠોડ (ઉ.વ.૫૦) (રહે. સૌરાષ્ટ્રનગર લાટી બજાર-૨ સામે પઠાણની ચાલી ગીતામંદિર) એ બિમારીથી કંટાળી તા.૨૨/૦૩/૨૦૨૦ બપોરના ૩/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી આશિષ કુમાર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી